# GUJARATI

**PAPER-III**
**AUG-17/06**

Name & Signature of the Invigilator

..........................................

..........................................

OMR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................

**Time : 2½ Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 150**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **Seventy Fifty (75)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – III only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or log table etc., is prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **પંચોતેર (૭૫)** પ્રશ્નો આપેલા છે. **બધાજ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછી થી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–III લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિન્હકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્કયુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## GUJARATI　　　　ગુજરાતી

## PAPER - III　　　　પેપર–III

*Note* : This paper contains **Seventy Five (75)** multiple-choice/Assertion + questions/ Matching questions. Each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પંચોતેર (૭૫)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. કોના મત મુજબ વિભાવના આભાસથી રસાભાસ અને ભાવાભાસ જન્મે છે.

   (A) શંકુક　　(B) મમ્મટ

   (C) લોલ્લટ　　(D) અભિનવ ગુપ્ત

2. અભિનવ ગુપ્તના શિષ્ય કોણ હતા?

   (A) ક્ષેમેન્દ્ર　　(B) વામન

   (C) વિશ્વનાથ　　(D) ભામહ

3. વ્યંગ્યાર્થ વાચ્યાર્થથી વિશેષ ચમત્કારક ન હોય ત્યારે કયા પ્રકારનું કાવ્ય ગણાય છે?

   (A) ઉત્તમ　　(B) અધમ

   (C) મધ્યમ　　(D) ઉત્તમોત્તમ

4. કયો મીમાંસક ગણિતશાસ્ત્રી હતો?

   (A) એરિસ્ટોટલ　　(B) પ્લેટો

   (C) લોન્જાઈનસ　　(D) ક્રોચે

5. 'પ્રતીકવાદ' જેવી સંજ્ઞા પહેલી વહેલી વાર કોણે આપી?

   (A) જયાં મોરેએસ　　(B) માયકોવ્સકી

   (C) મેરીનેતી　　(D) આન્દ્રે બ્રેતો

6. કૌતુકપ્રિયતાવાદ માટે ઉદ્દેકવાદ સંજ્ઞા કોણે પ્રયોજી હતી?

   (A) વિજયરાય વૈદ્ય　　(B) ઉમાશંકર જોશી

   (C) રા.વિ. પાઠક　　(D) ક.મા. મુનશી

7. 'મેલો પોતિ અને અસ્તિત્વવાદ' લેખ કયા વિવેચકે લખ્યો છે?

(A) સુમન શાહ
(B) શિરીષ પંચાલ
(C) સુરેશ જોશી
(D) પ્રમોદકુમાર પટેલ

8. 'લંકાદહન' નો પ્રસંગ વાલ્મીકિ રામાયણના કયા કાંડમાં નિરૂપાયો છે?

(A) કિષ્કિંધાકાંડ
(B) સુંદરકાંડ
(C) અરણ્યકાંડ
(D) યુદ્ધકાંડ

9. કૃષ્ણ યાદવનું પાત્ર કઈ ભારતીય કૃતિમાં નિરૂપાયું છે?

(A) ગબન
(B) હજાર ચુરાશિર મા
(C) ગોરા
(D) આરણ્યક

10. 'હયવદન' નાટકનો સંદર્ભ કયાંથી લેવામાં આવ્યો છે?

(A) ભાગવત
(B) ઉપનિષદ
(C) મહાભારત
(D) બ્રાહ્મણગ્રંથ

11. નીચેનામાંથી કઈ કૃતિ નાટક નથી ?

(A) એગેમેમ્નોન
(B) કાસલ
(C) ફાઉસ્ટ
(D) થ્રી સિસ્ટર્સ

12. સોનેટમાં અષ્ટક અને ષટ્ક એવા પંક્તિ વિભાગો કયા કવિએ પ્રચલિત કર્યા છે?

(A) મિલ્ટન
(B) શેકસપિયર
(C) દાન્તે
(D) પેટ્રાર્ક

13. તુલનાત્મક સાહિત્યો–Comparative literatures એવો શબ્દપ્રયોગ સૌ પ્રથમવાર કોણે કર્યો છે?

(A) રેને વેલેક
(B) રોલાં બાર્થ
(C) મેથ્યુ આર્નોલ્ડ
(D) ગ્યુઈથે

14. 'રાજના આદિવાસી છેલિયા' – કયા સંશોધકનું પુસ્તક છે?

(A) ભગવાનદાસ પટેલ (B) અમૃત પટેલ

(C) શાંતિભાઈ આચાર્ય (D) જયાનંદ જોશી

15. 'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ' કોણે આપ્યો છે?

(A) જયંત કોઠારી (B) કે.કા. શાસ્ત્રી

(C) હરિવલ્લભ ભાયાણી (D) કે.હ. ધ્રુવ

16. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) ભામહ, મમ્મટ, આનંદવર્ધન, અભિનવગુપ્ત

(B) અભિનવગુપ્ત, આનંદવર્ધન, ભામહ, મમ્મટ

(C) ભામહ, મમ્મટ, અભિનવગુપ્ત, આનંદવર્ધન

(D) ભામહ, આનંદવર્ધન, અભિનવગુપ્ત, મમ્મટ

17. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) સર ફિલિપ સિડની, ક્રોચે, આઈ.એ. રિચાર્ડ્ઝ, એલિયટ

(B) ક્રોચે, સર ફિલિપ સિડની, આઈ.એ. રિચાર્ડ્ઝ, એલિયટ

(C) સર ફિલિપ સિડની, એલિયટ, ક્રોચે, આઈ.એ. રિચાર્ડ્ઝ

(D) એલિયટ, ક્રોચે, સર ફિલિપ સિડની, આઈ.એ. રિચાર્ડ્ઝ

18. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) લિરિક, કાવ્યની શક્તિ, કાવ્યનું સંવેદન, સાહિત્યમાં આધુનિકતા

(B) કાવ્યની શક્તિ, લિરિક, કાવ્યનું સંવેદન, સાહિત્યમાં આધુનિકતા

(C) કાવ્યનું સંવેદન, કાવ્યની શક્તિ, લિરિક, સાહિત્યમાં આધુનિકતા

(D) સાહિત્યમાં આધુનિકતા, કાવ્યની શક્તિ, લિરિક, કાવ્યનું સંવેદન

19. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) હસુ યાજ્ઞિક, શાંતિભાઈ આચાર્ય, પુષ્કર ચંદરવાકર, કનુભાઈ જાની

(B) પુષ્કર ચંદરવાકર, કનુભાઈ જાની, હસુ યાજ્ઞિક, શાંતિભાઈ આચાર્ય

(C) પુષ્કર ચંદરવાકર, કનુભાઈ જાની, શાંતિભાઈ આચાર્ય, હસુ યાજ્ઞિક

(D) કનુભાઈ જાની, પુષ્કર ચંદરવાકર, હસુ યાજ્ઞિક, શાંતિભાઈ આચાર્ય

20. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) સોફોકલીઝ, દાન્તે, ફ્રાન્ઝ કાફ્કા, ગેબ્રિયલ માર્કવેઝ

(B) સોફોકલીઝ, દાન્તે, ગેબ્રિયલ માર્કવેઝ, ફ્રાન્ઝ કાફ્કા

(C) ગેબ્રિયલ માર્કવેઝ, દાન્તે, સોફોકલીઝ, ફ્રાન્ઝ કાફ્કા

(D) દાન્તે, ગેબ્રિયલ માર્કવેઝ, સોફોકલીઝ, ફ્રાન્ઝ કાફ્કા

21. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) ક્લિન્થ બ્રુક્સ, રોલાં બાર્થ, દેરિદા, રેન્સમ

(B) રેન્સમ, ક્લિન્થ બ્રુક્સ, રોલાં બાર્થ, દેરિદા

(C) રોલાં બાર્થ, દેરિદા, ક્લિન્થ બ્રુક્સ, રેન્સમ

(D) દેરિદા, રેન્સમ, ક્લિન્થ બ્રુક્સ, રોલાં બાર્થ

22. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) ગીતાંજલિ, ગબન, સંસ્કાર, અપને અપને અજનબી

(B) સંસ્કાર, ગીતાંજલિ, ગબન, અપને અપને અજનબી

(C) ગબન, ગીતાંજલિ, સંસ્કાર, અપને અપને અજનબી

(D) ગીતાંજલિ, ગબન, અપને અપને અજનબી, સંસ્કાર

23. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) ડિવાઈન કોમેડી, ધ વેસ્ટ લેન્ડ, વેઈટિન્ગ ફોર ગોદો, વન હન્ડ્રેડ યર્સ ઓવ સોલિટયૂડ

(B) વન હન્ડ્રેડ યર્સ ઓવ સોલિટયૂડ, ડિવાઈન કોમેડી, ધ વેસ્ટ લેન્ડ, વેઈટિન્ગ ફોર ગોદો

(C) ડિવાઈન કોમેડી, વન હન્ડ્રેડ યર્સ ઓવ સોલિટયૂડ, વેઈટિન્ગ ફોર ગોદો, ધ વેસ્ટ લેન્ડ

(D) ધ વેસ્ટ લેન્ડ, વન હન્ડ્રેડ યર્સ ઓવ સોલિટયૂડ, ડિવાઈન કોમેડી, વેઈટિન્ગ ફોર ગોદો

24. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) સભા પર્વ, વિરાટ પર્વ, કર્ણ પર્વ, સ્ત્રી પર્વ

(B) વિરાટ પર્વ, સભા પર્વ, સ્ત્રી પર્વ, કર્ણ પર્વ

(C) કર્ણ પર્વ, વિરાટ પર્વ, સભા પર્વ, સ્ત્રી પર્વ

(D) સ્ત્રી પર્વ, વિરાટ પર્વ, સભા પર્વ, કર્ણ પર્વ

25. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) આનંદમયી, ધનિયા, વ્રતી, ભાસ્વતી

(B) ભાસ્વતી, વ્રતી, ધનિયા, આનંદમયી

(C) ધનિયા, આનંદમયી, ભાસ્વતી, વ્રતી

(D) આનંદમયી, ધનિયા, ભાસ્વતી, વ્રતી

26. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) મોગરો, કુબ્જા, તડકો, જટાયુ

(B) કુબ્જા, મોગરો, જટાયુ, તડકો

(C) તડકો, કુબ્જા, મોગરો, જટાયુ

(D) જટાયુ, મોગરો, કુબ્જા, તડકો

27. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) નવલકથા, એકાંકી, સોનેટ, હાઈકુ

(B) એકાંકી, નવલકથા, સોનેટ, હાઈકુ

(C) નવલકથા, સોનેટ, એકાંકી, હાઈકુ

(D) સોનેટ, નવલકથા, એકાંકી, હાઈકુ

28. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) જોસ્સો, રહસ્ય, સમસંવેદન, ચિત્તક્ષોભ

(B) ચિત્તક્ષોભ, રહસ્ય, જોસ્સો, સમસંવેદન

(C) જોસ્સો, ચિત્તક્ષોભ, રહસ્ય, સમસંવેદન

(D) રહસ્ય, જોસ્સો, ચિત્તક્ષોભ, સમસંવેદન

29. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) નાટ્યશાસ્ત્ર, કાવ્યાલંકાર, ધ્વન્યાલોક, રસગંગાધર

(B) કાવ્યાલંકાર, નાટ્યશાસ્ત્ર, ધ્વન્યાલોક, રસગંગાધર

(C) નાટ્યશાસ્ત્ર, ધ્વન્યાલોક, કાવ્યાલંકાર, રસગંગાધર

(D) ધ્વન્યાલોક, નાટ્યશાસ્ત્ર, કાવ્યાલંકાર, રસગંગાધર

30. યોગ્ય કાલાનુક્રમે ગોઠવો :

(A) ભીલી ગુજરાતી શબ્દાવલિ, ભીલી શબ્દકોશ, અમે બોલીઓ છીએ, હાલારી બોલી

(B) ભીલી ગુજરાતી શબ્દાવલિ, હાલારી બોલી, ભીલી શબ્દકોશ, અમે બોલીઓ છીએ

(C) હાલારી બોલી, ભીલી ગુજરાતી શબ્દાવલિ, અમે બોલીઓ છીએ, ભીલી શબ્દકોશ

(D) અમે બોલીઓ છીએ, હાલારી બોલી, ભીલી ગુજરાતી શબ્દાવલિ, ભીલી શબ્દકોશ

31. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) વધામણી, પ્રેમની ઉષા, અંતિમ પ્રાર્થના

(B) ઉપહાર, મહેમાનોને સંબોધન, કલાપીને સંબોધન

(C) આશંકા, ગાંધારી, અભિસાર

(D) મગનકાવ્યો, યમદૂત, ઢોલિયે

32. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) કડલાં, પડઘો, પૃથ્વી અને સ્વર્ગ

(B) સ્મરણયાત્રા, આકકા, એક ધારો વરસાદ

(C) અસત્યરૂપી ઝેર, કોન જાને કલકી, ચોરી અને પ્રાયશ્ચિત

(D) કાગકન્યા, પોલાણનાં પંખી, કેળવણી

33. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) એમ્મા, શાર્લ બોવરી, ગ્રેગર

(B) ગાર્ડેના, ક્રીડા, નતાશા

(C) પોત્ઝો, એસ્ટ્રેગોન, સાંતિયાગો

(D) લ્યોપોલ્ડ બ્લૂમ, સ્ટીફન ડેડાલસ, મોલી

34. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) ગુજરાતના લોકદેવો, લોક સંસ્કૃતિમાં પશુ, ગુજરાતની લોકસંસ્કૃતિ

(B) ભીલ ભજનવારતા, ભીલોનાં હોળીગીતો, ભીલી શબ્દકોશ

(C) ચારણો અને ચારણી સાહિત્ય, ચારણી સાહિત્ય સંદર્ભ, ચારણી સાહિત્ય વિમર્શ

(D) લોકવિદ્યા વિજ્ઞાન, લોકસાહિત્ય વિજ્ઞાન, લોકસાહિત્યની કથનશૈલી

35. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) શબ્દલોક, વિવેચનની ભૂમિકા, વિવેચનનું વિવેચન

(B) વાર્તાવિચાર, વાચના, સાર્ત્રનો સાહિત્યવિચાર

(C) અશ્વમેધ, નવલશા હીરજી, મત્સ્યવેધ

(D) કાવ્ય વિવેચનની સમસ્યાઓ, વાત આપણા વિવેચનની, સંજ્ઞાન

36. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) એરિસ્ટોટલ, પોએટિક્સ, વિજ્ઞાનવાદી ફિલસૂફ, વાણીશાસ્ત્ર

(B) લોન્જાઈનસ, પેરિઈપ્સુસ, રોમનચિંતક, પરંપરા અને વૈયક્તિક પ્રતિભા

(C) ટી.એસ. એલિયટ, અમેરિકન, ત્રિવિધ એકતા, વસ્તુસહસંબંધક

(D) ભાષાનુસંગે, ભાષાશાસ્ત્રની કેડીએ, ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ

37. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(A) શબ્દકથા, શબ્દની પગદંડી, શબ્દાર્થશાસ્ત્ર

(B) ગુજરાતી ભાષા અને સાહિત્ય, મનોમુકુર, જૂની ગુજરાતી

(C) ગુજરાતી ભાષાનો ઇતિહાસ, ધાતુસંગ્રહ, ઉત્સર્ગમાળા

(D) ભાષાનુસંગે, ભાષાશાસ્ત્રની કેડીએ, ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ

38. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) સૌરાષ્ટ્રી બોલી : અટાણે, ગગો, કાવડિયું

(B) ચરોતરી બોલી : માણહોં, જેમણાં, ગાલ્લું

(C) પટ્ટણી બોલી : વાયતર, નેહાળ, શાશ

(D) સુરતી બોલી : હવાકો, છાંતો પાની, નાલ્લું

39. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) સ્થાયિભાવ : જુગુપ્સા, વિસ્મય, ક્રોધ

(B) સાત્વિક ભાવ : સ્વેદ, સ્વરભંગ, સુષુપ્તિ

(C) અનુભાવ : આંગિક, વાચિક, સાત્વિક ચેષ્ટા

(D) સંચારી ભાવ : વિષાદ, હર્ષ, શંકા

40. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) આનંદશંકર ધ્રુવ, કાવ્યતત્વવિચાર, વસંત

(B) બળવંતરાય ઠાકોર, કવિતાશિક્ષણ, વિચારપ્રધાનતા

(C) વિજયરાય વૈદ્ય, ચેતન, કૌમુદી

(D) ઉમાશંકર જોશી, પ્રતિશબ્દ, આલોચના

41. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) મારી દુનિયા, ગઈકાલ, સદ્‌માતાનો ખાંચો

(B) શુક્ર તારક, પ્રકાશનો પડછાયો, અસ્તી

(C) જક્ષણી, ગુલામદીન ગાડીવાળો, ખોલકી

(D) એભલવાળો, દશરથનો અંતકાળ, બાહુક

42. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) પ્રાંતીય સાહિત્ય : સરસ્વતીચંદ્ર, માનવીની ભવાઈ, ચહેરા

(B) પશ્ચિમનું સાહિત્ય : ઇલિયડ, પેરેડાઈઝલોસ્ટ, ડેવિડ કોપરફિલ્ડ

(C) ઉપખણ્ડીય સાહિત્ય : સૌન્દર્યો હજુ જન્મ્યાં નથી, પેરેલિસિસ, ગ્રીનબેલ્ટ

(D) વિશ્વસાહિત્ય : ડિવાઈન કોમેડી, વેઈટિંગ ફોર ગોદો, યુલિસિસ

43. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) લોહીનું ટીપું, લોહીની સગાઈ, તૂટેલા તાર

(B) સાપના ભારા, જમાઈરાજ, પરોઢના ટહુકા

(C) ઊગતી જુવાની, અર્થોત્કર્ષક, સંયુક્તા

(D) કુરુક્ષેત્ર, અચલા, કોણ?

44. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) તત્સમ : માતા, પ્રીતિ, અર્જુન

(B) તદ્ભવ : મોતી, હૈયું, મીઠું

(C) દેશ્ય : ડોબું, પંખી, ઠુંઠો

(D) અર્ધતત્સમ : કરમ, વરત, સનાન

45. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(A) સારૂપ્ય : અગ્ગિ, સત્તુ, કમ્મ

(B) વૈરૂપ્ય : કંગન, કાગ, ગજાનંદ

(C) વર્ણાગમ : વિસ્ફોટ, સવાદ, પરસાદ

(D) લોપ : નેહ, અંગત, મુગ્ધ

46. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) ભાવ અંતર્ગત છે.

(બ) અનુભાવ બહિર્ગત છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

47. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) દેરિદાએ પ્રયોજેલ 'ડિફરાંસ' સંજ્ઞાનો અર્થ ફ્રેંચ ભાષામાં 'ભિન્ન હોવું' તેવો થાય છે.

(બ) દેરિદાએ પ્રયોજેલ 'ડિફરાંસ' સંજ્ઞાનો અર્થ ફ્રેંચ ભાષામાં 'વિલંબિત કરવું' તેવો થાય છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

48. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) બ.ક. ઠાકોરે અનુસ્વારના તીવ્ર અને કોમળ એવા ભેદ દર્શાવ્યા હતા.

(બ) નરસિંહરાવે અનુસ્વાર પોલા મીંડાથી અને અનુનાસિક ચાલુ બિંદુથી દર્શાવ્યો હતો.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.

49. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) એગેમેમ્નોનનો અનુવાદ જયંતી દલાલે કર્યો છે.

(બ) 'માદામ બોવરી' નો અનુવાદ સુમન શાહે કર્યો છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.

50. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) સંરચનાવાદ મનોવિજ્ઞાનમાંથી ઉદ્ભવેલો છે.

(બ) સંરચનાવાદમાં મનોવિશ્લેષણવાદી અભિગમથી લંકાએ કાર્ય કર્યું.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.

51. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) હેનરી રિમાર્કે સાહિત્યના તુલનાત્મક અભ્યાસમાં ભાષાભેદનો સ્વીકાર કર્યો છે.

(બ) ગ્યુઈથેએ સૌ પ્રથમવાર 'વિશ્વસાહિત્ય' ની વિભાવના સમજાવી.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.

52. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) રમેશ પારેખે સોનલ કાવ્યો લખ્યાં છે.

(બ) 'રૂપ' બરકત વિરાણીનો ગઝલસંગ્રહ છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું છે અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું છે અને (બ) સાચું છે.

53. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) 'તત્વજ્ઞ' ઉપપદ સમાસનું દૃષ્ટાંત છે.

(R) 'તત્વજ્ઞ' શબ્દમાં પૂર્વપદ સંજ્ઞા અને ઉત્તરપદ આખ્યાતિક છે.

(A) વિધાન (A) અને (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને (R) સાચું છે.

54. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) 'ક્ષ' જોડાક્ષર છે.

(R) ક્ + શ્ ના જોડાવાથી 'ક્ષ' બન્યો છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

55. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો :

(A) 'વધામણી' સૉનેટમાં પત્ની પતિને વધામણી આપે છે.

(R) પતિનો જન્મદિવસ હોય છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

56. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો :

(A) શંકુકનો મત અનુમિતિવાદ તરીકે ઓળખાય છે.

(R) તેઓ વિભાવનું નટમાં અનુમાન કરે છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

57. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો :

(A) દાદાવાદનું નવસંસ્કરણ સર્રિયાલિઝમ રૂપે થયું છે.

(R) નકારાત્મક અને વિધ્વંસક અભિગમને કારણે દાદાવાદ સામે આંતરવિરોધ થયો હતો.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

58. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો :

(A) સાન્તિયાગો ચોર્યાસી દિવસના પ્રયત્ન પછી સફળ થયો.

(R) મેનોલિને સાન્તિયાગોને સાદ્યન્ત સાથ આપ્યો હતો.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને વિધાન (R) સાચું છે.

59. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો :

(A) વિસ્મય વીરરસમાં પરિણમે છે.

(R) વિસ્મય સ્થાયિભાવ છે, સ્થાયિભાવ રસમાં પરિણમે છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને વિધાન (R) સાચું છે.

60. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો :

(A) આધુનિક એટલે આજનું, હમણાંનું.

(R) આધુનિકતાનો સંબંધ માત્ર સમય સાથે છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને વિધાન (R) સાચું છે.

61. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) ભટ્ટ લોલ્લટ | (1) મીમાંસાવાદી |
| (*b*) શંકુક | (2) નૈયાયિક |
| (*c*) ભટ્ટ નાયક | (3) સાંખ્યવાદી |
| (*d*) અભિનવ ગુપ્ત | (4) અલંકાર શાસ્ત્રી |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 3 | 4 | 2 | 1 |
| (D) | 4 | 3 | 1 | 2 |

62. નીચેની યાદી સરખાવી જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) જયાં મોરેએસ | (1) અતિવાસ્તવવાદ |
| (*b*) સોસ્યૂર | (2) પ્રતીકવાદ |
| (*c*) આન્દ્રે બ્રેતો | (3) અસંગતિવાદ |
| (*d*) કામુ | (4) સંરચનાવાદ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 4 | 2 | 3 | 1 |

63. નીચેની યાદીઓ સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) રચના અને સંરચના | (1) જયંત કોઠારી |
| (*b*) સંરચના અને સંરચન | (2) પ્રમોદકુમાર પટેલ |
| (*c*) વ્યાસંગ | (3) હરિવલ્લભ ભાયાણી |
| (*d*) તત્વસંદર્ભ | (4) સુમન શાહ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 3 | 4 | 1 | 2 |

64. નીચેની યાદીઓ સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) નર્મદ | (1) | પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામ |
| (*b*) નરસિંહરાવ | (2) | રાગધ્વનિકાવ્ય |
| (*c*) રમણભાઈ નીલકંઠ | (3) | વીરવૃત્ત |
| (*d*) બળવંતરાય ઠાકોર | (4) | વિવેચક કવિનો જોડિયોભાઈ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 4 | 1 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 4 | 1 | 2 | 3 |

65. નીચેની યાદીઓ સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) અરણ્યકાંડ | (1) | મેઘદૂત |
| (*b*) આરણ્યપર્વ | (2) | રઘુવંશ |
| (*c*) કુશાવતી નગરી | (3) | મહાભારત |
| (*d*) અલકા નગરી | (4) | રામાયણ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 3 | 4 | 1 | 2 |

66. નીચેની યાદીઓ સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) ગોરા | (1) હસમુખ દવે |
| (b) સ્વર્ગેર નીચેર માનુષ | (2) રમણલાલ સોની |
| (c) આરણ્યક | (3) ચંદ્રકાન્ત મહેતા |
| (d) સંસ્કાર | (4) ભોળાભાઈ પટેલ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 2 | 4 | 3 | 1 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 3 | 4 | 2 | 1 |
| (D) | 4 | 2 | 1 | 3 |

67. નીચેની યાદીઓ સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) એસ્કાઈલસ | (1) રશિયન |
| (b) ડેન્ટી એલિગિરિ 'દાન્તે' | (2) ઈટાલી |
| (c) રાઈનર મારીઆ રિલ્કે | (3) ગ્રીક |
| (d) એન્ટન ચેખોવ | (4) જર્મની |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 4 | 3 | 1 | 2 |
| (D) | 3 | 2 | 4 | 1 |

68. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) | 'સરસ્વતીચંદ્ર : પંડિત યુગનું મહાકાવ્ય' | (1) વિજયરાય વૈદ્ય |
| (*b*) | 'સરસ્વતીચંદ્ર : પંચજૂટ જટાકલાપ' | (2) બળવંતરાય ઠાકોર |
| (*c*) | 'સરસ્વતીચંદ્રઃ આકરગ્રંથ' | (3) આનંદશંકર ધ્રુવ |
| (*d*) | સરસ્વતીચંદ્રઃ પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિકથા | (4) રા.વિ. પાઠક |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 4 | 2 |
| (B) | 4 | 2 | 3 | 1 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 3 | 2 | 1 | 4 |

69. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) | વડવાનલ | (1) માધવી |
| (*b*) | પેરેલિસિસ | (2) અંજના |
| (*c*) | કુરુક્ષેત્ર | (3) આશિકા દીપ |
| (*d*) | છિન્નપત્ર | (4) માલા |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 4 | 3 | 2 | 1 |

70. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) વા'લા તારાં વેણ સપનામાં પણ સાંભરે | (1) અખે ગીતા |
| (*b*) અભિનવો આનંદ આજ અગોચર ગોચર હવુંએ | (2) જ્ઞાનબત્રીશી |
| (*c*) તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં | (3) ફાર્બસવિરહ |
| (*d*) તમારા તો હરિ સઘળે રે, અમારા તો એકસ્થળે | (4) પ્રેમ પરીક્ષા |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 3 | 2 | 1 | 4 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 2 | 1 | 4 | 3 |

71. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) પદ્યરચનાની ઐતિહાસિક સમાલોચના | (1) હરિવલ્લભ ભાયાણી |
| (*b*) પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના | (2) કે.કા. શાસ્ત્રી |
| (*c*) ભાણ: એક રૂપક કાવ્ય | (3) ભોગીલાલ સાંડેસરા |
| (*d*) પઉમચરિય | (4) કેશવ હ. ધ્રુવ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 2 | 1 | 4 |
| (D) | 1 | 4 | 3 | 2 |

72. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (*a*) | મરચાં બહાદુર, કાંકરા બહાદુર | (1) | સત્યના પ્રયોગો |
| (*b*) | ધર્મ અને સમાજ | (2) | અમૃતા |
| (*c*) | ધર્મસંકટ | (3) | સ્મરણયાત્રા |
| (*d*) | પ્રશ્નાર્થ | (4) | સમૂળી ક્રાંતિ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 2 | 1 | 3 | 4 |

73. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (*a*) | આપણાં લોકગીતો | (1) | ઝવેરચંદ મેઘાણી |
| (*b*) | લોકસાહિત્યનું સમાલોચન | (2) | જયમલ્લ પરમાર |
| (*c*) | ઓખામંડળની લોકકથા | (3) | પુષ્કર ચંદરવાકર |
| (*d*) | ઉત્તર ગુજરાતની લોકકથાઓ | (4) | બળવંત જાની |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 1 | 4 |
| (B) | 4 | 1 | 3 | 2 |
| (C) | 1 | 2 | 4 | 3 |
| (D) | 2 | 1 | 3 | 4 |

74. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) અશ્વત્થામા | (1) મનસુખલાલ ઝવેરી |
| (b) યશોધરા | (2) નાથાલાલ દવે |
| (c) ઊર્મિલા | (3) બોટાદકર |
| (d) રાજર્ષિ શિવાજી | (4) પૂજાલાલ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 3 | 2 | 4 | 1 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 2 | 4 | 1 | 3 |

75. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) યા દેવી સર્વ ભૂતેષુ | (1) જયંત ગાડીત |
| (b) પ્રશાંમુ | (2) કેશુભાઈ દેસાઈ |
| (c) ધર્મયુદ્ધ | (3) ઇન્દુ પવાર |
| (d) વાક્યકથા | (4) બાબુ સુથાર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 4 | 3 |
| (B) | 3 | 1 | 2 | 4 |
| (C) | 2 | 1 | 3 | 4 |
| (D) | 4 | 3 | 2 | 1 |

ROUGH WORK

SEAL